# INDIA NON JUDICIAL

# Government of Gujarat

## Certificate of Stamp Duty

सत्यमेव जयते

| | | |
|---|---|---|
| Certificate No. | : | IN-GJ67076339601892S |
| Certificate Issued Date | : | 30-Jan-2020 12:25 PM |
| Account Reference | : | IMPACC (AC)/ gj13040011/ ANAND/ GJ-AN |
| Unique Doc. Reference | : | SUBIN-GJGJ1304001174527030150388S |
| Purchased by | : | KISHOR C PANCHAL |
| Description of Document | : | Article 18 Certificate or Other Document |
| Description | : | TRUST REGISTRATION |
| Consideration Price (Rs.) | : | 0<br>(Zero) |
| First Party | : | DR SHIVANI BHATT CHARITABLE FOUNDATION |
| Second Party | : | NA |
| Stamp Duty Paid By | : | DR SHIVANI BHATT CHARITABLE FOUNDATION |
| Stamp Duty Amount(Rs.) | : | 300<br>(Three Hundred only) |

A. K. PANDYA A.C.C. ANAND

ડૉ. શિવાની ભટ્ટ ચેરીટેબલ ફાઉન્ડેશન
(Reg. No E/3434)

પ્રમુખ સેક્રેટરી ખજાનચી

0003296110

# ટ્રસ્ટ ડીડ

## ટ્રસ્ટનું નામ : ડૉ.શિવાની ભટ્ટ ચેરીટેબલ ફાઉન્ડેશન, આણંદ

આજ તારીખ:૩૦/૧/૨૦૨૦ના રોજ અમો એક તરફવાળા ડૉ.હેમંતકુમાર મહેશચંદ્ર ભટ્ટ, ઉ.વર્ષ:૫૨, વ્યવસાય:ડૉકટર/સમાજસેવા, ધર્મ:હિંદુ, રહે.૧૮, આર્યનગર સોસાયટી, અમૂલ ડેરી રોડ, આણંદ–૩૮૮૦૦૧, તા.જિ.આણંદના(સેટલર/મેનેજીંગ ટ્રસ્ટી) અમો લોક કલ્યાણના કામમાં સહાયરૂપ બની શકાય તે માટે અમોએ અમારી સ્વપાર્જીત મિલકતમાંથી રૂા.૪૯૯૯/– (અંકે રૂપિયા ચાર હજાર નવ સો નવ્વાણુ પૂરા) અલગ કાઢી બીજી તરફવાળા સર્વશ્રી

| અ.નં. | નામ | ઉ.વ. | વ્યવસાય |
|---|---|---|---|
| (૧) | ડૉ.હેમંતકુમાર મહેશચંદ્ર ભટ્ટ<br>રહે.૧૮, આર્યનગર સોસાયટી, અમૂલ ડેરી રોડ, આણંદ–૩૮૮૦૦૧, તા.જિ.આણંદ | ૫૨ | ડૉકટર/સમાજસેવા |
| (૨) | બિંદિયા હેમંતકુમાર ભટ્ટ<br>રહે.૧૮, આર્યનગર સોસાયટી, અમૂલ ડેરી રોડ, આણંદ–૩૮૮૦૦૧, તા.જિ.આણંદ | ૫૦ | ઘરકામ/સમાજસેવા |
| (૩) | ડૉ.મિતેષ કનૈયાલાલ શાહ<br>રહે.૧૩૧, "પુષ્પમ", એલ.બી. એવન્યુ, કોલેજ રોડ, નડિયાદ–૩૮૭૦૦૧, તા.નડિયાદ, જિ.ખેડા | ૪૮ | ડૉકટર/સમાજસેવા |
| (૪) | અમિત ભોગીલાલ પટેલ<br>રહે.૮, સત્સંગ પાર્ક સોસાયટી, રેઈનબો પાર્ક સામે, વિદ્યાનગર રોડ, કરમસદ–૩૮૮૩૨૫, તા.જિ.આણંદ | ૫૨ | આર્કિટેક/સમાજસેવા |
| (૫) | સ્નેહલ રમેશભાઈ પટેલ<br>રહે.રૂપલ બંગલો, કરમસદ રોડ, કરમસદ–૩૮૮૩૨૫, તા.જિ.આણંદ | ૫૧ | વેપાર/સમાજસેવા |
| (૬) | કિશોરકુમાર રતનલાલ બજાજ<br>રહે."નિસર્ગ", આંબાવાળી, મનીષ કોર્નર સામે, વલ્લભ વિદ્યાનગર–૩૮૮૧૨૦, તા.જિ.આણંદ | ૬૦ | વેપાર/સમાજસેવા |

B.H. Bhatt.

ડૉ. શિવાની ભટ્ટ ચેરીટેબલ ફાઉન્ડેશન
(Reg. No E/3434)

પ્રમુખ સેક્રેટરી ખજાનચી

| અ.નં. | નામ | ઉ.વ. | વ્યવસાય |
|---|---|---|---|
| (૭) | ડૉ.ગીરીશકુમાર દાલચંદ શ્રીવાસ્તવ<br>રહે.૩, લક્ષ ૧૮ બંગલોઝ, એસ.કે. સિનેમા સામે, લાંભવેલ રોડ, બાકરોલ–૩૮૮૩૧૫, તા.જિ.આણંદ | ૫૨ | ડૉકટર/સમાજસેવા |
| (૮) | ડૉ.શૈલેષકુમાર હસમુખભાઈ શાહ<br>રહે."મલ્હાર", જે.કે. આનંદ પાસે, ૮૦ ફૂટ રોડ, આણંદ–૩૮૮૦૦૧, તા.જિ.આણંદ | ૫૫ | ડૉકટર/સમાજસેવા |
| (૯) | ડૉ.જિતેશ અંબરીશભાઈ દેસાઈ<br>રહે."ઈશાવસ્યમ", ૨૬/એ, સંતરામ પાર્ક સોસાયટી, યુકો પાર્ક સોસાયટી પાસે, રાજેન્દ્ર પટેલ માર્ગ, વલ્લભ વિદ્યાનગર–૩૮૮૧૨૦, તા.જિ.આણંદ | ૫૭ | ડૉકટર/સમાજસેવા |
| (૧૦) | પ્રશાંત ચંદ્રવદન પટેલ<br>રહે.સર્વોદય આઈસ્ક્રીમ ભંડાર, અમૂલ ડેરી રોડ, આણંદ–૩૮૮૦૦૧, તા.જિ.આણંદ | ૫૧ | વેપાર/સમાજસેવા |

જેથી હવે પછીથી ટ્રસ્ટી તરીકે ઓળખાશે તેઓને નીચે જણાવ્યા પ્રમાણેના હેતુઓ ફળીભુત કરવા અમો એક તરફવાળાઓ પાસેથી રૂા.૪૯૯૯/– (અંકે રૂપિયા ચાર હજાર નવ સો નવ્વાણુ પૂરા) સુપ્રત કરેલ છે અને આ ટ્રસ્ટીઓ આ રકમ તેમજ હવે પછી મળનારી રકમોનો નીચે જણાવેલ નિયમોમાં દર્શાવ્યા પ્રમાણે ઉપયોગ કરવા બાંહેધરી સત્તા આપીએ છીએ.

૧. **ટ્રસ્ટનું નામ** : **ડૉ.શિવાની ભટ્ટ ચેરીટેબલ ફાઉન્ડેશન, આણંદ**

૨. **ટ્રસ્ટનું કાર્યાલય / હેડ ઓફિસ** : C/o.ડૉ.હેમંતકુમાર મહેશચંદ્ર ભટ્ટ,
૧૮, આર્યનગર સોસાયટી, અમૂલ ડેરી રોડ,
આણંદ–૩૮૮૦૦૧, તા.જિ.આણંદ

૩. **ટ્રસ્ટનું કાર્યક્ષેત્ર** : સંપૂર્ણ ગુજરાત પ્રદેશ તેમજ ભારત દેશ છે.

ડૉ. શિવાની ભટ્ટ ચેરીટેબલ ફાઉન્ડેશન
(Reg. No E/3434)
B.H. Bhatt
પ્રમુખ સેક્રેટરી ખજાનચી

## ૪. ટ્રસ્ટના હેતુઓ : આ સંસ્થાના મુખ્ય હેતુઓ તથા ઉદ્દેશો નીચે મુજબના છે.

- ❖ દેશના સર્વાંગી વિકાસ અર્થે શૈક્ષણિક સ્તર ઉંચુ લાવવા તેમજ માનવગરીમા પ્રતિષ્ઠાન અર્થે શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે આંગણવાડી, બાલવાડી, પ્રાથમિકથી માંડીને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ શાળાઓ, કોલેજો, છાત્રાલયો, ભોજનાલયો, લાઈબ્રેરી, રીસર્ચ સેન્ટરો વગેરે જેવી શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરવી તથા ચલાવવી તેમજ આવી સંસ્થાઓ સાથે જોડાણ કરવું અને તેનું સંચાલન કરવા જરૂરીયાત મુજબના તમામ ખર્ચાઓ કરવા.
- ❖ ગરીબ અને જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવી તથા શૈક્ષણિક ક્ષેત્રે તમામ પ્રકારની સહાય કરવી. ઉચ્ચ સિધ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પારિતોષિકો, ઈનામોનું વિતરણ કરી સન્માન આપવું. આ ઉપરાંત ગરીબ અને જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓને નોટબુકો, ચોપડા, ગણવેશ, પેનો તથા પેન્સિલો વગેરેનું વિતરણ કરી સહાયરૂપ થવું.
- ❖ મેડીકલ ક્ષેત્રે ફાઈનલ એમ.બી.બી.એસ.માં મેડીસીન વિષયમાં તથા અન્ય શૈક્ષણિક શાખાઓમાં ઉચ્ચત્તમ ગુણ લાવનાર વિદ્યાર્થીને દર વર્ષે ગોલ્ડ મેડલ આપી સન્માન આપવું.
- ❖ ગરીબ અને જરૂરીયાતમંદ તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને પોતાના સારા ભવિષ્યના ઘડતર માટે ઉચ્ચ અભ્યાસ કરવા માટે આર્થિક મદદ કરવી.
- ❖ વિદ્યાર્થીઓમાં વિવિધ પ્રકારની કલાનો વિકાસ થાય તે માટે સંગીત, પેઈન્ટીંગ તેમજ ડાન્સ કલાસીસ જેવી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનું આયોજન કરવું તથા વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર એજયુકેશન તેમજ ટાઈપનું શિક્ષણ આપવું.
- ❖ સમગ્ર જનતાની સુખાકારી તેમજ આરોગ્ય સચવાય તેમજ શારીરીક પીડાને દૂર કરવા માટે તમામ પ્રકારની સુવિધાઓ ધરાવતી હોસ્પિટલો, દવાખાનાઓ, પ્રસુતિગૃહો, ચિકિત્સા કેન્દ્રો, લેબોરેટરી, નર્સિંગ હોમ, બ્લડ બેંકો સ્થાપવી અને ચલાવવી. ગરીબ અને જરૂરીયાતવાળા લોકોને રાહતના દરે દવાઓ મળી રહે તે અંગેની જરૂરી કાર્યવાહી કરવી.
- ❖ નેત્ર ચિકિત્સાલય, બાળ આરોગ્ય કેન્દ્ર તથા મહિલા આરોગ્ય કેન્દ્રો સ્થાપવા અને ચલાવવા તેમજ વિવિધ જાતના રોગો માટેની શિબીરોનું આયોજન કરવું. સર્વ રોગ નિદાન કેમ્પ, નેત્ર કેમ્પ, દંત કેમ્પ, બ્લડ કેમ્પ, આર્યુવેદિક કેમ્પ વગેરે વિષયોના કેમ્પો યોજવા.
- ❖ દર્દીઓને મદદરૂપ થવા માટે એમ્બ્યુલન્સો તથા વાહનો ખરીદવા, મેળવવા, ભાડે રાખવા અથવા આપવા.

ડૉ. શિવાની ભટ્ટ ચેરીટેબલ ફાઉન્ડેશન
(Reg. No E/3434)

Hushang ........................ B.H. Bhatt ........................ [signature] ........................

પ્રમુખ સેક્રેટરી ખજાનચી

- ❖ કુપોષણને કારણે બાળકોમાં થતા રોગો અંગે લોકોને જાણકારી આપવી તથા કુપોષણ દૂર કરવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવું. આ ઉપરાંત એનીમીયા/થેલેસીયામાં પીડાતા દર્દીઓને મેડીકલ સહાય કરવી.
- ❖ એઈડ્સ, કેન્સર જેવા મહાભયંકર રોગો વિષે જાણકારી આપવી, તે અંગેના સાહિત્યો છપાવવા. તેમજ જનજાગૃતિ ફેલાવવી.
- ❖ વૃધ્ધો માટે વૃધ્ધાશ્રમ તેમજ અનાથો માટે અનાથાશ્રમ વગેરેની સ્થાપના કરવી અને નિભાવવા.
- ❖ ગરીબ અને જરૂરીયાતમંદ લોકોને ભોજન, કપડાં વગેરે જેવી જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓનું વિતરણ કરવું તથા આર્થિક મદદ કરવી.
- ❖ યુવાનો તથા યુવતીઓને કારકિર્દી અંગે માર્ગદર્શન પૂરૂં પાડવું તેમજ તે માટે વિવિધ સેમિનારો, વર્કશોપ અને કાર્યક્રમોનું આયોજન કરવું.
- ❖ "બેટી બચાવો, બેટી ભણાવો" સૂત્રને સાર્થક કરવા માટે તમામ પ્રયત્ન કરવા તેમજ મહિલા સશકિતકરણની પ્રવૃત્તિઓ કરવી.
- ❖ વિવિધ સમાજની મહિલાઓને રોજગારી મળી રહે તેમજ મહિલાઓના વિકાસ અર્થે કોમ્પ્યુટર એજયુકેશન સેન્ટર, ફાઈન આર્ટસ, ગૃહ ઉધોગો, ટાઈપીંગ કલાસીસ, સિવણ કલાસીસ, મહેંદી કલાસીસ તથા બ્યુટી પાર્લર કલાસીસ વગેરેનું શિક્ષણ આપવું.
- ❖ યુવાનો અને યુવતીઓને સ્પોર્ટસનું મહત્વ સમજાય અને પ્રોત્સાહન મળી રહે તે હેતુસર રમત–ગમતની હરીફાઈઓ યોજવી તથા ઈનામોની વહેંચણી કરવી તેમજ સ્પોર્ટસની તમામ પ્રવૃત્તિઓ હાથ ધરવી. રમતોના માધ્યમ ધ્વારા શારીરિક શિક્ષણ આપવું તથા ખેલાડીઓની તંદુરસ્તી અને શારીરિક સ્વચ્છતા જળવાય તેવા જરૂરી પગલા ભરવા.
- ❖ વ્યસનમુકિત અંગે કાર્યક્રમો યોજી લોકોમાં વ્યસનમુકિત અંગેની જાગૃતિ ફેલાવવી.
- ❖ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવી, ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતાથી મળતા લાભની માહિતીનો પ્રચાર પ્રસાર કરી સ્વચ્છતા બાબતની લોકજાગૃતિ લાવવી.
- ❖ કુદરતી હોનારતો તેમજ પ્રકૃતિ પ્રકોપ જેવા કે આગ, અતિવૃષ્ટિ, ભૂકંપ, દુષ્કાળ વગેરે જેવા વ્યાપક જાનમાલ હાનિના પ્રસંગે રાહતકાર્ય હાથ ધરવા અને અસરગ્રસ્તોને સહાય કરવી.
- ❖ પર્યાવરણની જાળવણી અને સંરક્ષણ માટે વૃક્ષારોપણ કરવાનું આયોજન કરવું.
- ❖ રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી કરવી તેમજ લોકોમાં દેશભકિતની ભાવના જાગે તેવા કાર્યક્રમો કરવા. તેમજ વિવિધ પ્રકારના તહેવારોની ઉજવણી કરવી.

(Reg. No E/3434)

B.H.Bhatt

........................ ........................ ........................

પ્રમુખ સેક્રેટરી ખજાનચી

- તદ્‌ઉપરાંત આ ટ્રસ્ટ તેને યોગ્ય લાગે તેવા હરકોઈ પ્રકારના સમાજઉપયોગી કાર્યો કરશે અને તેવી સંસ્થાને હરકોઈ પ્રકારની મદદ કરશે.
- આ ટ્રસ્ટના ઉદ્દેશોને સિદ્ધ કરવા જરૂરી તેવા તમામ આનુષાંગિક કાર્યો કરી શકશે.

**ઉપરોકત પ્રવૃત્તિઓ કરવા માટે ટ્રસ્ટ :**

કાયદાને આધિન રહીને જમીનો ખરીદશે, ભાડે લેશે, લીઝથી લેશે, સરકારી મદદથી મેળવશે તેમજ મકાનો ખરીદશે, હોસ્પિટલો સમાજ સેવાના અર્થે મેળવશે તેમજ નવી બાંધશે, રીપેર રીનોવેશન કરશે, દાનમાં મેળવશે તથા અન્ય કોઈપણ રીતે મિલકતો મેળવશે. જે મેળવેલી તમામ મિલકતોના ડોકયુમેન્ટ ટ્રસ્ટના નામે કરશે.

**૫. ટ્રસ્ટી મંડળ અને ટ્રસ્ટીઓ નીમવાની રીત :**

આ ટ્રસ્ટમાં ઓછામાં ઓછા ૫ અને વધુમાં વધુ ૧૧ ટ્રસ્ટીઓ આજીવન ટ્રસ્ટી રહેશે. કોઈપણ કારણસર ટ્રસ્ટીઓની જગ્યા ખાલી પડે તેમજ વધારાના નવા ટ્રસ્ટીઓની સંખ્યાને ધ્યાનમાં રાખી યોગ્ય અને લાયક વ્યકિતની તેવી જગ્યાએ બહુમતીથી નિમણૂક કરશે. ટ્રસ્ટીઓ પોતાનામાંથી હોદ્દેદારોની નિમણૂક કરશે. તેઓની કોઈપણ કારણસર ખાલી પડતી જગ્યા બાકીના ટ્રસ્ટીઓ પોતે બહુમતીથી આજીવન ટ્રસ્ટી તરીકે પૂરી કરશે.

**૬. ટ્રસ્ટીશ્રીઓની સત્તાઓ :**

**સેટલર / મેનેજીંગ ટ્રસ્ટી :**

(૧) ટ્રસ્ટ મંડળની મીટીંગમાં પ્રમુખ સ્થાને હાજર રહેશે.

(૨) ટ્રસ્ટીઓની મીટીંગમાં પ્રમુખ ગેરહાજર હશે ત્યારે હાજર રહેલ ટ્રસ્ટીઓમાંથી કોઈપણ ટ્રસ્ટીને મીટીંગ પૂરતા પ્રમુખ નીમવામાં આવશે.

(૩) વ્યવસ્થાપક કમિટીએ કરેલા ઠરાવોની મંત્રી મારફતે અમલ કરાવશે.

(૪) ટ્રસ્ટના નાણાંકીય વહીવટ માટે બેંકમાં ટ્રસ્ટના નામના સંયુકત ખાતાઓ ખોલાવવા જે ખાતાઓમાં સેટલર/મેનેજીંગ ટ્રસ્ટીશ્રીની સહી ફરજીયાત તથા અન્ય બે ટ્રસ્ટીઓની સહીઓ રહેશે. પરંતુ નાણાંકીય વહીવટની સરળતા અર્થે ઉપરોકત ત્રણ ટ્રસ્ટીઓ પૈકી કોઈપણ બે ટ્રસ્ટીઓની સંયુકત સહીથી નાણાંકીય વહીવટ મેનેજીંગ ટ્રસ્ટી કરશે.

(૫) કાસ્ટીંગ વોટ (વધારાનો મત) આપવાની સત્તા સેટલર/મેનેજીંગ ટ્રસ્ટીને રહેશે.

ડૉ. શિવાની ભટ્ટ ચેરીટેબલ ફાઉન્ડેશન (Reg. No E/3434)

B.H. Bhatt.

પ્રમુખ સેક્રેટરી ખજાનચી

૭. **મંત્રીશ્રીઓની સત્તાઓ :**

(૧) ટ્રસ્ટની તમામ મિલકતોનો હિસાબ–કિતાબ રાખશે.

(૨) મીટીંગો માટે એજન્ડા કાઢશે.

(૩) ટ્રસ્ટને આવતી દાનની તમામ રકમોનો હિસાબ રાખશે તથા પહોંચ આપશે તેમજ પ્રમુખ જણાવે તે તમામ કાર્યવાહી કરશે.

(૪) વાર્ષિક હિસાબો તૈયાર કરાવશે અને ઓડિટ કરાવશે/હિસાબી વર્ષ ૧લી એપ્રિલ થી ૩૧મી માર્ચ રહેશે.

૮. **ખજાનચીની સત્તાઓ :**

નાણાંકીય બાબતો સંભાળીને મંત્રીને મદદરૂપ થશે.

૯. **મીટીંગનું આયોજન :**

ટ્રસ્ટીઓનું કોરમ ૧/૨ ટ્રસ્ટીઓની હાજરીથી થયેલું ગણાશે. મીટીંગના સમયથી એક કલાકના સમયમાં જો કોરમ નહી થાય તો તે મીટીંગના હાજર ટ્રસ્ટીઓ એજન્ડા પરના કામ હાથ ધરી શકશે અને તેમાં થયેલ કામો કાયદેસરના ગણાશે.

૧૦. **ઠરાવ :**

દરેક ઠરાવ હાજર ટ્રસ્ટીઓના ૧/૨ બહુમતીથી મંજૂર કરવામાં આવશે.

૧૧. **ટ્રસ્ટની મિલકતો બાબત :**

ટ્રસ્ટની મિલકતો ટ્રસ્ટીઓમાં સંપ્રાપ્ત થશે અને ટ્રસ્ટીઓ તેનો વહીવટ કરશે. ટ્રસ્ટની તમામ મિલકતો ટ્રસ્ટના નામે રહેશે. ટ્રસ્ટની સ્થાવર, જંગમ મિલકતોનો અદલો બદલો, ગીરો, વેચાણ, બક્ષીસ, ભાડાપટ્ટો વગેરેના કરાર તથા વ્યવહાર ટ્રસ્ટ એકટ તથા જે તે સમયના પ્રવર્તમાન કાયદાને આધિન રહીને કરી શકશે.

૧૨. **બેંક ખાતુ :**

ટ્રસ્ટના નાણાં ટ્રસ્ટ એકટની જોગવાઈ મુજબ રોકવામાં આવશે. ટ્રસ્ટના નાણાં સરકાર માન્ય બેંકોમાં ટ્રસ્ટના નામે ખાતુ ખોલાવી મૂકવામાં આવશે. આ ખાતાનું સંચાલન મેનેજીંગ ટ્રસ્ટી, મંત્રી તથા ખજાનચી આ ત્રણમાંથી કોઈપણ બેની સંયુકત સહીથી કરવામાં આવશે.

ડૉ. શિવાની બાબુ ચેરીટેબલ ફાઉન્ડેશન
(Reg. No E/3434)

B.H. Bhatt

પ્રમુખ સેક્રેટરી ખજાનચી

**૧૩. મીટીંગની નોટીસ :**

ટ્રસ્ટીઓની દરેક મીટીંગની જાણ લેખિત નોટીસથી દરેક ટ્રસ્ટીઓને ટપાલથી, ઈ–મેઈલથી, સરકયુલરથી અગર જે–તે વખતે ટ્રસ્ટીઓ ઠરાવે તે રીતે ૭ દિવસ પહેલા આપવાની રહેશે. દરેક મીટીંગો સામાન્ય રીતે ટ્રસ્ટની ઓફિસે અથવા ટ્રસ્ટી મંડળ નકકી કરે તે સ્થળે ભરવામાં આવશે.

**૧૪. હિસાબ રાખવા બાબત :**

ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની આવક જાવકના હિસાબો નિભાવવાના રહેશે. આવા હિસાબો હિસાબી વર્ષ પૂરૂં થયે ઓડિટર પાસે ઓડિટ કરાવી મદદનીશ ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં રજૂ કરવાના રહેશે.

**૧૫. ટ્રસ્ટની આવકના સાધનો :**

દાન, ભેટ, ફંડ, ફાળો, પ્રવૃત્તિ આવક, વિદેશી સહાય, શૈક્ષણિક ફી, ભાડા, સરકારી અને અર્ધસરકારી સહાય, સરકારી–અર્ધ સરકારી સંસ્થાઓ પાસેથી લોન મેળવીને ટ્રસ્ટ આવક મેળવી શકશે. કાયદાને આધીન રહીને લોન અર્થે જરૂરીયાત મુજબ ટ્રસ્ટ પોતાની મિલકત તથા દસ્તાવેજી પુરાવાઓ મોર્ગેજ કરી શકશે.

**૧૬. ટ્રસ્ટના નાણાં રોકવા બાબત :**

ટ્રસ્ટના નાણાં અને મિલકતો ધી મુંબઈ પબ્લીક એકટ–૧૯૫૦ની કલમ–૩૫ પ્રમાણે રોકવાના રહેશે. બેંકોમાં રાખવામાં આવતા તમામ ખાતાઓ ટ્રસ્ટના નામ ઉપર રાખવામાં આવશે.

**૧૭. યાદી :**

ટ્રસ્ટીની માલિકીની તમામ જણશો, ફર્નીચર તથા તમામ જંગમ મિલકતોની વિગતવાર પૂરેપૂરી યાદી ટ્રસ્ટીઓએ બનાવવાની રહેશે. સદર યાદીમાં આવતી એક–એક વિગત ઉપર ટ્રસ્ટીઓએ અથવા તેમણે તે બાબતમાં સત્તા આપેલ વ્યકિતએ પોતાની સહી કરવાની રહેશે. યાદી પ્રમાણે વસ્તુઓ વર્ષમાં ઓછામાં ઓછી એકવાર મેળવી જોવી અને તમામ ટ્રસ્ટીઓએ આ પ્રમાણે કર્યા બાબતની પોતાની સહી કરવી.

ડૉ. શિવાની ભટ્ટ ચેરીટેબલ ફાઉન્ડેશન (Reg. No E/3434)

B.H.Bhatt

પ્રમુખ સેક્રેટરી ખજાનચી

**૧૮. કર્મચારીઓ રાખવા બાબત :**

આ ટ્રસ્ટનો વહીવટ કરવા માટે ટ્રસ્ટીઓએ જરૂર લાગે તેટલા નોકરો તથા કર્મચારીઓ હંગામી ધોરણે અથવા કાયમી ધોરણે યોગ્ય શરતોએ તથા તેમાં યોગ્ય લાગે તે પ્રમાણે પગાર, મહેનતાણું, મોંઘવારી વગેરે આપવાનું રાખી શકશે. તેમજ જરૂર લાગે કર્મચારીઓને બરતરફ કરી શકશે તથા છૂટા કરી શકશે.

**૧૯. નિયમો ઘડવા બાબત :**

આ યોજનાનો યોગ્ય રીતે અમલ કરવા માટે તેમજ ટ્રસ્ટ માટે અને ટ્રસ્ટના હેતુઓ પાર પાડવા માટે ટ્રસ્ટીઓને યોગ્ય લાગે તેવા નિયમો ઘડશે અને તે નિયમો ઘડયા બાદ તેના ઉપર ચેરીટી કમિશ્નરશ્રીની લેખિત પરવાનગી લેવાની રહેશે. તેમજ તે નિયમોમાં ટ્રસ્ટીઓને જયારે જયારે જરૂર જણાય ત્યારે સુધારા પણ ચેરીટી કમિશ્નરશ્રીની મંજૂરી મેળવી કરી શકશે. આ કલમ નીચે ઘડાયેલા નિયમો અથવા તેમાં જે સુધારા કરવામાં આવે તે યોજનાની કલમોના તેમજ ધી મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ એકટ–૧૯૫૦ અને તેની નીચે ઘડવામાં આવેલ નિયમો સુસંગત હોવા જોઈએ.

**૨૦. મંડળના વિસર્જન બાબતે :**

સદર ટ્રસ્ટ રદ થાય નહીં તેવું (ઈરાવોકેબલ) રહેશે. આમ છતાં કોઈપણ એવા કારણસર ટ્રસ્ટનું વિસર્જન, બંધ થશે તો ટ્રસ્ટની કોઈપણ મિલકત તેના સ્થાપક, સેટલર, ટ્રસ્ટી, દાતા અથવા સભ્યને મળશે નહીં. પરંતુ જવાબદારીઓ ચૂકવ્યા બાદ બાકી રહેતી મિલકત આવા સમાન હેતુ ધરાવતા તેમજ આવી સરખી પ્રવૃત્તિ કરવા ટ્રસ્ટને બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ની જોગવાઈને આધીન ચેરીટી કમિશ્નરશ્રીની પૂર્વ મંજૂરી મેળવી ટ્રાન્સફર કરી શકાશે.

સદરહું દસ્તાવેજ મેં મારી રાજીખુશીથી બીનકેફી હાલતમાં કરી આપેલ છે.

(signature)
..................................

**સેટલર/મેનેજીંગ ટ્રસ્ટી**

**હેમંતકુમાર મહેશચંદ્ર ભટ્ટ**

**(૧)** N.J.Patel ..................................

**સાક્ષીનું નામ** નાયનકુમાર શાંતિલાલ પટેલ

**(૨)** Patel Nilesh ..................................

**સાક્ષીનું નામ** Patel Nilesh S.

**ડૉ. શિવાની ભટ્ટ ચેરીટેબલ ફાઉન્ડેશન**
**(Reg. No E/3434)**

(signature)
.................................. .................................. ..................................

**પ્રમુખ સેક્રેટરી ખજાનચી**

આજ તા.૩૦/૧/૨૦૨૦ના રોજ અમો નીચે સહી કરનાર ટ્રસ્ટીઓને ટ્રસ્ટી દરજ્જે રૂા.૪૯૯૯/- (અંકે રૂપિયા ચાર હજાર નવ સો નવ્વાણુ પૂરા) મળેલ છે. અમો આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તરીકે રહેવા અને કામકાજ કરવા સંમત છીએ.

| અ.નં. | નામ | સહી |
|---|---|---|
| (૧) | ડૉ.હેમંતકુમાર મહેશચંદ્ર ભટ્ટ | |
| (૨) | બિંદિયા હેમંતકુમાર ભટ્ટ | B.H. Bhatt. |
| (૩) | ડૉ.મિતેષ કનૈયાલાલ શાહ | |
| (૪) | અમિત ભોગીલાલ પટેલ | |
| (૫) | સ્નેહલ રમેશભાઈ પટેલ | |
| (૬) | કિશોરકુમાર રતનલાલ બજાજ | |
| (૭) | ડૉ.ગીરીશકુમાર દાલચંદ શ્રીવાસ્તવ | |
| (૮) | ડૉ.શૈલેષકુમાર હસમુખભાઈ શાહ | |
| (૯) | ડૉ.જિતેશ અંબરીશભાઈ દેસાઈ | |
| (૧૦) | પ્રશાંત ચંદ્રવદન પટેલ | |

તારીખ : ૩૦/૧/૨૦૨૦

સ્થળ : આણંદ

..............................................

(હેમંતકુમાર મહેશચંદ્ર ભટ્ટ)

ડૉ. શિવાની ભટ્ટ ચેરીટેબલ ફાઉન્ડેશન
(Reg. No E/3434)

પ્રમુખ સેક્રેટરી ખજાનચી

B.H. Bhatt.